ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધોરણ ૧૧ ના ક્રમિક વર્ગો શરૂ કરવાની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૭/ન.બા.૬૦/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૫/૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) કાર્યપાલક નિયામકશ્રી, જી.એસ.ટી.ઈ.એસ. નો તા.30/૧૨/૨૦૧૬ નો પત્ર નં. ટીડી/ઈએમઆરએસ/૨૩૮૧, તા.03/0૪/૨૦૧૭ નો પત્ર ફાઈલ નં. ટીડી/ઈએમઆરએસ/૨૦૧૭-૧૮/૨૮૩૧ તથા તા.૧૮/0૪/૨૦૧૭ નો પત્ર ફાઈલ નં. ટીડી/ઈએમઆરએસ/૨૦૧૭-૧૮/૫૧

ઠરાવ:-

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીનીઓના વાલીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી સારૂ શિક્ષણ મેળવી શકતા નથી તથા આ વિદ્યાર્થીનીઓમા શિક્ષણનો વ્યાપ વધે તે બાબત તથા આ બાળકો શિક્ષણમાં પ્રગતિ સાધી પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવી અન્ય સમાજની હરોળમાં પોતાનો વિકાસ સાધી ઉભા રહી શકે તે આશયથી રાજ્ય સરકારે કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ શરૂ કરેલ છે. આ શાળાઓમાં ધોરણ-૧૦ પછી ધોરણ-૧૧ ના ક્રમિક વર્ગો મંજુર કરવા કાર્યપાલક નિયામકશ્રી, જી.એસ.ટી.ઈ.એસ. એ આ અંગેની વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ.૧૨૫૩.૮૮ લાખની માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન) હેઠળની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦ પછીના ધોરણ-૧૧ ના ક્રમિક વર્ગો શરૂ કરવા માટે વર્ગદિઠ કુલ ૨ શિક્ષકો લેખે શિક્ષક (પગાર ધોરણ- રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૪૦૦/- ફીકસ પગાર રૂ.૩૮,૦૯૦/-) ની કુલ-૮૬ મદદનીશ શિક્ષકની જગ્યાઓ ઉભી કરવાની વર્ષ ૨૦૧૭-૧૮ માટેની રૂ.૧૨૫૩.૫૮ લાખની (અંકે રૂપિયા બારસો ત્રેપન લાખ અઠ્ઠાવન હજાર પુરા) સને ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોઇ તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી. પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નર (આ.વિ.) ની રહેશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષાના નિયમો અને ભરતી પધ્ધતિને અનુસરીને કરવાના રહેશે.

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૧) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૨) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૩) ઉક્ત શરતો ઉપરાંત ખર્ચ બેવડાય નહી તે અંગે પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૮૯-VKY-૧૫ ગુજરાત આદિજાતિ શૈક્ષણિક સોસાયટી, બાબત નંબર: (૩૨) ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધોરણ-૧૧ ના ક્રમિક વર્ગો શરૂ કરવા માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.૦૫/૦૫/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૧/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.